જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૧૨/૨૦૨૦ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૧૪૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૬૨ | ૦ | ૧૦૯૬૨ | ૧૭૧૦૨ | ૦ | ૧૭૧૦૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૧૧ | ૧૬ | ૪૬૨૭ | ૬૧૩૨ | ૧૬ | ૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૦ | ૦ | ૬૦ | ૨૩૯ | ૦ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૯૦૧૦ | ૩૭૧ | ૧૯૩૮૧ | ૨૦૦૫૫ | ૩૮૪ | ૨૦૪૩૯ |
| કુલ | | ૩૪૬૪૩ | ૩૮૭ | ૩૫૦૩૦ | ૪૩૫૨૮ | ૪૦૦ | ૪૩૯૨૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૪ | ૧૨,૦૦,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૩૧ | ૩૫,૩૧,૦૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

**પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન કુલ કિ.રૂ.૪૭,૩૫૦/- ના મુદ્દામાલ સાથે બોમ્બે વરલી મટકા આંક ફરકના આંકડાઓ લખી જુગાર રમી/રમાડતા એક ઇસમને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નરોડા પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની સુચના આધારે પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓની સુચના મુજબ સર્વેલંન્સ સ્કોડ ના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ હતા તે દરમ્યાન સાથેના એલ.આર.નારણભાઇ રાણસીભાઇ બ.ન.૧૧૬૬ નાઓની બાતમી હકીકત આપેલ કે “નરોડા જી.આઇ.ડી.સી.ના એલ.આ.ઇ.જી -૨ બ્લોક ૬/૬૫ નીચે અંબે માતાના મંદિર પાસે જાહેરમાં એક ઇસમ નામે રમેશભાઇ રામસીંગભાઇ જાતે-ઠાકોર ઉ.વ.૪૭ રહે, બ્લોક નં- ૬/૬૫ એલ.આઇ.જી.-૨ કવાટર્સ નરોડા જી.આઇ.ડી.સી. ફીડર નં-૦૫ નરોડા અમદાવાદ શહેરનાનો પોતાના અંગત ફાયદા સારૂ બોમ્બે વરલી મટકા આંક ફરકના આંકડાઓ લખી જુગાર રમી રમાડે છે. અને જે જુગાર હાલમાં ચાલુ છે.” જે સદરી જગ્યાએ રેડ કરતાં રોકડ રૂ,૧૨,૩૫૦/- તથા આંકડા લખેલ ચિઠ્ઠી તથા એક બોલપેન તથા એક મોબાઇલ ફોન કિરૂ, ૫૦૦૦/- તથા એક મો.સા. જેની કિરૂ,૩૦,૦૦૦/- કુલ્લે ૪૭૩૫૦/- મુદ્દામાલ કબજે કરી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ કલાક ૧૭/૦૦ વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

### આરોપીનુ નામ-

રમેશભાઇ રામસીંગભાઇ ઠાકોર ઉ.વ.૪૭ રહે, બ્લોક નં-૬/૬૫ એલ.આઇ.જી.-૨ કવાટર્સ નરોડા જી.આઇ.ડી.સી. ફીડર નં-૦૫ નરોડા અમદાવાદ શહેર

### મુદ્દામાલ

રોકડ રૂ,૧૨,૩૫૦/- તથા આંકડા લખેલ ચિઠ્ઠી કિ રૂ,૦૦/- તથા એક બોલપેન કિ રૂ. ૦૦/- તથા એક મોબાઇલ ફોન કિરૂ, ૫૦૦૦/- તથા એક મો.સા. જેની કિ રૂ,૩૦,૦૦૦/- જે મળી કુલ કિ રૂ,૪૭,૩૫૦/-

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પો.સબ.ઇન્સશ્રી એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૭૩૩૯ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા એલ.આર. નારણભાઇ રાણસીભાઇ બ.ન.૧૧૬૬



# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>વટવા પોલીસ સ્ટેશન</u>

## <u>શરીરસબંધી ગુનાઓના આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી પી.એમ.પ્રજાપતિ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. તેમજ કારંજ પો.સ્ટે. દાખલ થયેલ ગુનાઓ પૈકી (૧) કારંજ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૨૫/૨૦૧૮ ઈપીકો કલમ- ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તેમજ (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૦૮૫૭/૨૦ ઈપીકો કલમ- ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ ના ગુનાના આરોપી રામજીભાઈ કુલાભાઈ ભગુભાઈ જાતે-ચાવડા ઉવ.૬૦ રહે- બ્લોક નં.૧૮/૫૬૫, સદભાવના નગર ચાર માળિયા, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુનાઓ એકત્રિત કરી પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૮૯/૨૦૨૦ તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારૂ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## જુગાર ધારા તથા પ્રોહીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમોની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર ધારા તથા પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ કરતા ઇસમો વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નં-(૧) ગોપાલભાઇ ઉર્ફે દિપક મહેશભાઇ ભરવાડ ઉ.વ.૨૮ રહે- મ.નં.૮૪બાપાલાલ કડીયાની ચાલી પોટલીયા ચાર રસ્તા પાસે સરસપુર અમદાવાદ શહેર (૨) પ્રદીપ સુરજભાઇ પટેલ ઉ.વ.૨૬ રહે- ૭૪ ધનલક્ષ્મી સોસાયટી સ્વપ્ન સંકેટ સોસાયટી પાસે વટવા અમદાવાદ શહેર (૩) અખિલેશ ઉર્ફે ગજની અંજનીસિંહ રાજપુત ઉ.વ.૨૭ રહે- બી-૧૨૨, આસોપાલવ સોસાયટી, મહાલક્ષ્મી તળાવ પાસે વટવા અમદાવાદ શહેર નાઓને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.(૧) પીસીબી/ડીટીએન/પાસા/૧૨૮૪/૨૦૨૦ તથા નં-(૨) પીસીબી/ડીટીએન/પાસા /૧૨૮૫/૨૦૨૦ તથા નં-(૩) પીસીબી/ડીટીએન/પાસા/૧૨૮૬/૨૦૨૦ તા.૧૧/૧૨/૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ તથા પાલારા ભુજ તેમજ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે તથા જુગાર ધારાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નં.(૪) સુમીત ઉર્ફે સન્ની ધરમજીતભાઇ રાજપૂત ઉ.વ.૨૫ ધંધો છુટક મજુરી રહે, મ.નં.૪૬/૪૧૪ ગુ.હા..બોર્ડ સીટી ગોલ્ડ સિનેમા પાછળ સરસપુર અમદવાદ શહેર નાને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/ પાસા/૧૨૮૨/૨૦૨૦ તા.૧૧/૧૨/૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ગોપાલભાઈ ઉર્ફે દિપક ભરવાડ | પ્રદીપ સુરજભાઈ પટેલ | અખિલેશ ઉર્ફે ગજની રાજપુત | સુમીત ઉર્ફે સન્ની રાજપૂત |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૪૪/૨૦૨૦**

**સેટેલાઈટઃ** પ્રતિકકુમાર ઓમપ્રકાશ મિશ્રા (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ તા.૧૧/૧૨/૨૦૨૦ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સેલ્ફ કાર ભાડે મેળવવા આરોપી ગૌતમભાઇ બાઇ (રહે. ખમ્મામ મ્યુ.કોર્પોરેશન અર્બન હેલ્થ તેલંગણા) નામના વ્યક્તિએ કંપનીમા ઓન લાઇન ફોર્મ ભરી ડીપોઝીટ પેટે રૂપિયા ૧,૦૦૦/- ભરી તા.૨૨/૦૬/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ શિવરંજની બ્રીજ નીચેથી કંપનીની હ્યુંડાઇ ક્રેટા કાર નંબર એમએચ ૪૩ બીપી ૨૨૯૭ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- લઇ જઇ ગાડીમાંથી જી.પી.એસ.સિસ્ટમ કાઢી નાખી આજદિન સુધી ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરંપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૧૪૫/૨૦૨૦**

કાગડાપીઠઃ અરવિંદકુમાર રમણલાલ રાઠોડ (રહે. સાઇડ એન્ડ સર્વિસ દાણીલીમડા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૦ કલાક ૮/૩૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન કાંકરીયા વાણીજ્ય ભવન દુકાન નંબર-૧૧૦ તથા ૧૦૫, પહેલો માળ એમ.આર.ફાઇનાન્સ એન્ડ મોડર્ન ફાઇનાન્સ નામની દુકાન તથા આશિર્વાદ ઝેરોક્ષ એન્ડ પાર્લર નામની દુકાનમાં અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૭૩,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૬/૨૦૨૦**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** શૈલેષભાઈ રેવાભાઈ પટેલ (ઉ.વ.૫૫) (રહે. તુલસી ટ્વિન્સ બંગલોઝ જોધપુર ગામ સેટેલાઈટ) તા.૧૧/૧૨/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે જોધપુર મંગલ જ્યોત ટાવર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ઈનોવા કાર નંબર જીજે ૦૧ એચડબલ્યુ ૫૪૫૫ ના ચાલક યશ મહેશભાઈ પટેલ (રહે. સૌમેત્રી તુલસી રો-હાઉસ સામે જોધપુર સેટેલાઈટ) એ કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા શૈલેષભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર શૈલેષભાઈના પુત્ર રીકીનભાઈ પટેલે "એન" ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એફ.એમ.નાયબ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૭/૨૦૨૦**

**સરખેજઃ** પરેશકુમાર વિરસંગભાઇ ચૌધરી (ઉ.વ.૩૦) (રહે. વૃંદાવન કોમ્પલેક્ષ પહેલો માળ રામજી મંદિર પાસે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**ચાંદખેડાઃ** (૧) રાખીબહેન વા/ઓ ચિરાગભાઈ શર્મા (ઉ.વ.૩૧) (રહે. સુરમ્ય એપાર્ટમેન્ટ કોટેશ્વર રોડ મોટેરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૦ રાતના ૧૧/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**ચાંદખેડાઃ (૨)** કિશોર ભીમજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૨) (રહે. મહેશ્વરીપાર્ક સોસાયટી પ્રગતિનગર સ્કુલ પાસે જનતાનગર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને પંચશીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી